# કુંપળ ફુટી

- આનંદ રાવ
gunjan_gujarati@yahoo.com

**મા**રાં બાની તબીયત દિવસે દિવસે વધારે ને વધારે બગડતી જતી હતી. હોસ્પીટલના ત્રીજા માળે પ્રાઈવેટ રૂમમાં મેં એમને દાખલ કર્યાં હતાં. બાની દવાદારૂમાં કે સારવારમાં મેં ક્યાંય કશી કચાશ રહેવા દીધી ન્હોતી. સારવાર કરનાર ડૉક્ટરોની ટીમમાં એક તો મારો બાળપણનો દોસ્ત અરુણ જ હતો. અમે એક જ ગામના. એક જ ફળિયામાં સાથે રમતાં રમતાં ઉછરેલા અને સાથે જ ભણતા આવેલા. પરીક્ષાઓ વખતે રાત્રે એક બીજાને ઘેર વાંચવાનું, સૂવાનું, ખાવાપીવાનું, અમારાં માબાપનો ઠપકો સાંભળવાનો અને અમારાં અડવીતરાં તોફાનો હદ વટાવી જાય ત્યારે અમારી માતાઓના હાથનો ભારે માર ખાવાનો .... આ બધું અમે સાથે જ કરતા આવેલા. અમારું કમનશીબ એ હતું કે અમારી માતાઓએ બાળ-ઉછેરનાં કોઈ ચોપડાં કદી વાંચ્યાં ન હોવાથી એમને child abuse જેવા શબ્દની કાંઈ ખબર જ ન્હોતી. એટલે અમને અમારા પુંછડા ઉપર અને બરડા ઉપર એમના હાથની ધડાધડ પડતી....એટલા પુરતા અમે ડાહ્યા ડમરા થઈ જતા.

ડયુટી ઉપર ન હોય તો પણ અરુણ ખાસ બા પાસે આવીને બેસતો અને જાત જાતની વાતો કરી એમનું મન બહેલાવતો. ક્યારેક એ રમુજ કરતાં કહેતો, "બા, હું નાનો હતો ત્યારે મારા પુંછડા ઉપર તમે મને જોર જોરથી મારતાં એવું જો હવે અહીં અમેરીકામાં કરોને તો હું પોલીસને બોલાવીને તમને પકડાવી દઉં." આ સાંભળીને બા મલકી પડતાં અને એના હાથ ઉપર કે ગાલ ઉપર ટપલી મારતાં.

અમારા કુટુંબનું એક જણ તો હંમેશાં બા પાસે એની રુમમાં રહેતું જ.

એન્ડી નામના, અમારી નજીકમાં રહેતા, એક ગોરા સજ્જન પણ રોજ એમના નીયત સમયે, એકાદ ફુલ લઈને, અચુક બાની ખબર કાઢી જતા.

* * *

આજે અરુણે બાની ગંભીર હાલત વિષે મને ઓફીસમાં ફોન કર્યો અને તરત હોસ્પીટલમાં પહોંચી જવા કહ્યું. આ એમની અંતીમ ઘડીયો છે એમ ભારે હૈયે એણે મને જણાવી દીધું. બધા ડૉક્ટરોએ આશા છોડી દીધી હતી. બાના છેલ્લા શ્વાસ ચાલતા હતા. ઘડીઓ ગણાતી હતી. હું ઝડપથી મારી ગાડીમાં ગોઠવાયો અને ગાડી હોસ્પીટલ તરફ મારી મુકી. ત્યાં પહોંચીને તરત ફોનથી મારી પત્ની સરલાને જણાવી દીધું. મારી બહેન તથા બનેવી અને મારા બે ભાઈઓનો સંપર્ક સાધી બધાંને હોસ્પીટલમાં પહોંચી જવા કહ્યું. જોત જોતામાં એમનાં ટીનએજ છોકરાં સાથે એ બધાં તરત ત્યાં આવી ગયાં. અમે બધાં બાની પથારીની આસપાસ ઘેરાઈ વળ્યાં. અરુણ તો ત્યાં હતો જ. હું બાના ઓશિકે બેસી એમના માથા ઉપર હાથ ફેરવવા લાગ્યો. સરલા છુપાં આંસુ સારતી એમના પગ પાસે બેઠી.

અમને બધાંને - આખા પરીવારને - એમની પથારી પાસે હાજર થઈ ગયેલો જોઈને બાના મોઢા ઉપર પરમ સંતોષનું આછું સ્મિત આવી ગયું. હળવે હળવે ડોકુ ફેરવીને વારંવાર અમારા સૌ તરફ નજર નાખતાં. જાણે અમને કાંઈક કહેવા માગતાં હોય એમ વારંવાર મોં ખોલી બોલવા પ્રયત્ન કરતાં. એમના હોઠ ફફડતા પણ અશકતીને લીધે ગળામાંથી અવાજ નીકળી શકતો ન્હોતો.

* * *

બીમારીની શરુઆત થઈ ત્યારે બા હોસ્પીટલમાં દાખલ થવા તૈયાર જ થતાં ન્હોતાં. મેં જેમ તેમ એમને મનાવેલાં. છેલ્લાં ત્રણેક વર્ષથી બા વધારે લથડી ગયાં હતાં. બાની ઉમ્મર પણ હવે અંદાજે અડસઠ વર્ષની થઈ હશે. એમને એમની જન્મ તારીખ કે તીથી વગેરેની કાંઈ જ ખબર ન્હોતી. ડાયાબીટીસ અને હૃદયની નબળાઈને લીધે થોડાં વધારે નંખાઈ ગયાં હતાં. ડૉક્ટરોએ ખુલ્લી હવામાં રોજ બે-ત્રણ બ્લોક જેટલું, ધીમે ધીમે ચાલવાનું કહેલું એટલે હું બાને લઈને રોજ સવારે ચાલવા નીકળતો. અમારી નીયત કરેલી જગા આવે એટલે અમે ત્યાંથી પાછા ફરી જતાં.

બા મારી પાસે અહીં અમેરીકામાં છેલ્લાં ચૌદ વર્ષથી રહેતાં હતાં. સરલા પણ ફુલ ટાઈમ જૉબ કરતી હોવાથી અમારાં બન્ને બાળકોની સાચવણી માટે બા આશિર્વાદ રૂપ થઈ પડેલાં. બેબી-સીટીંગનો અમારો ખર્ચ બચ્યો એવું હું નથી કહેવા માગતો. પણ અમારાં બાળકોને જન્મથી જ દાદીમાનો ખોળો ખૂંદવા મળ્યો, દાદીમાનું વ્હાલ મળ્યું, લાડ પ્યાર મળ્યાં અને તે પણ અહીં અમેરીકામાં!! અમેરીકામાં જન્મતાં કેટલાં દેશી બાળકોના નશીબમાં આ પ્રકારનું સુખ લખ્યું હોય છે!

રોજ સવારે આ બંને છોકરાં બાની રૂમમાં જઈને બેસતાં. અને બા જે પુજા પાઠ તથા આરતી વગેરે કરતાં એ ધ્યાનથી જોતાં. બાનો બધો વિધિ પુરો થાય ત્યાં સુધી ધીરજ રાખીને શાંતિથી બેસતાં. પુજા વખતે બા જે કાંઈ શ્લોકો વગેરે બોલતાં એ પણ એ લોકો સાથે બબડવા પ્રયત્ન કરતાં. રોજ સવારમાં અચુક રીતે પુજામાં હાજરી આપવાનું એમનું મુખ્ય આકર્ષણ પુજા-પાઠ નહી પણ પુજા પત્યા પછી બા પાસેથી પ્રસાદ તરીકે મળતો મોટો લાડુ હતો. જે હોય તે. પણ ઘરમાં રોજની પુજા, આરતી, પ્રસાદ, જેવા નિતિ નિયમો અને કર્મકાંડથી બા ઘરને સુવાસિત રાખતાં. એકાદશી, પૂનમ અને એવા બીજા નાના મોટા વાર તહેવારોની યાદ બા જ રાખતાં. આ તહેવારોની ઉજવણી નિમીત્તે ઘરમાં અવાર નવાર રંધાતા ફરાળી ખોરાકને લીધે ઉત્સવનું વાતાવરણ રહેતું. નાની નાની પૌરાણિક વાર્તાઓ અને બીજી ધાર્મિક બાબતો અમારાં બાળકો બા પાસેથી જ શીખતાં રહેતાં. હું કે મારી પત્ની ... બા જેવાં ધાર્મીક કે કર્મકાંડી નથી. તેમ છતાં બાની ધાર્મીકતા અને કર્મકાંડ વીષે અમને સુગ કે અણગમો પણ નથી.

અમારા ઘરમાં બાની હાજરીનો એક મોટો ફાયદો ગુજરાતી ભાષાનો પણ ખરો. છોકરાં નિશાળે જતાં થયાં

ત્યારથી તો ઘરમાં અંગ્રેજી જ વધારે બોલતાં થઈ ગયેલાં. પણ બાને લીધે એમનું ગુજરાતી બોલવાનું ટકી રહેલું કારણ કે બા અંગ્રેજી બોલી કે સમજી શકતાં નહી. પણ પછી ધીમે ધીમે થોડું ઉલ્ટું બનવા માંડેલું. છોકરાંઓને લીધે બા થોડું થોડું અંગ્રેજી સમજતાં થઈ ગયેલાં. ક્યારેક રમુજ ખાતર બા છોકરાં સાથે ભાંગ્યુ તૂટયું અંગ્રેજી બોલવા માંડતાં. એ વખતે બાના એ વીચીત્ર ઉચ્ચારોથી છોકરાંને ભારે મઝા આવતી અને ખડખડાટ હસતાં. ફરીથી એ શબ્દો બોલવા એ બાને આગ્રહ કરતાં. બા ગુસ્સે થયાનો ઢોંગ કરી વેલણ ઉગામી એમને ધમકાવતાં. એક વાત નક્કી કે બા છોકરાંઓને ગુજરાતી ભાષા ભૂલવા દેતાં નહી. આમ તો બાએ નિશાળનું પગથીયું પણ જોયું હશે કે કેમ એ શંકા છે. પરંતુ અમારાં બાળકો માટે તો એ સંસ્કારની જીવંત યુનિર્વસીટી હતાં.

બાપુજીના ગુજરી ગયા પછી તરત હું એમને અહીં અમેરીકા મારી પાસે લઈ આવેલો. નાનો હતો અને અમારા નાના ગામડાની પ્રાથમિક શાળામાં ભણતો હતો ત્યારે બાની અંગત જીંદગી વિષે મને એટલો બધો ખ્યાલ ન્હોતો. એ સમજવાની મારી ઉમ્મર પણ ન્હોતી. પરંતુ આજે બાની એ અંગત જીંદગી વિષે અને કેટલાક પ્રસંગો વીષે વીચારુ છું ત્યારે હૃદયમાં જાણે તીરાડ પડી જાય છે.

મારા પિતાજી એ જમાનામાં હાઈસ્કુલ સુધી ભણેલા. એને લીધે એમને સરકારી નોકરી મળી ગયેલી. એ સરકારી નોકરીને લીધે એમનો રુઆબ વધી ગયેલો. એમનો હોદ્દો શું હતો એ તો મને અત્યારે કાંઈ યાદ નથી. ગામડાના રૂઢી ચૂસ્ત અને પુરૂષ વર્ચસ્વવાળા કુટુંબમાં એ ઉછરેલા. પત્ની એટલે પગનું ખાસડું....એક મરી જાય તો પરણીને બીજી તરત લઈ અવાય એવું ગૌરવથી માનવાવાળું એમનું કુટુંબ. પિતાજી થોડું ભણેલા અને એમાં પાછી સરકારી નોકરી મળી ગયેલી એટલે એ હવામાં અધ્ધર ચાલતા. મીજાજે બહુ ગરમ અને ભયંકર ગુસ્સાવાળા. હું એમનો દિકરો હતો છતાં એમની સાથે બોલતાં કે વાત કરતાં ખૂબ ગભરાતો. બાની પણ એ જ હાલત હતી. એ પણ એમનાથી હંમેશાં ડરતી, ધ્રુજતી અને ફફડતી રહેતી.

પત્ની એટલે જીવન સાથી, સુખ દુઃખની વાતો કરવા માટેનું ભાગીદાર પાત્ર, સુખ દુઃખના સંજોગોમાં સદાય સાથે રહેનારું પોતાનું પ્રિય પાત્ર.....એવું કશું પીતાજીએ કદી માન્યું હોય એવું મને નથી લાગતું. એમને મન તો પત્ની એટલે "બૈરૂ"....ઘરમાં વગર પૈસે વૈતરૂ કરવા માટે સામાજીક વીધીસર ઢસડી લાવવામાં આવેલું પાત્ર. પોતે ઘરમાં પગ મૂકે એટલે તરત ખડે પગે પોતાના બધા હુકમ ઝીલનાર, પોતાને ઈચ્છા થાય ત્યારે તરત પથારીમાં તાબે થનાર એક ગુલામડી...એજ એમને મન બાની કીમ્મત હતી.

બાનો ઉછેર પણ કદાચ નાનપણથી એજ રીતનો થયો હશે....***છોકરીની જાતને વળી નિશાળમાં જઈને ભણવાની જરૂર શી?! ક્યાં નોકરી કરવા જવાનું છે!....પતીને તાબે રહી પતી કહે એમ કર્યા કરવાનું એજ સ્ત્રીનો ધર્મ છે......***પતી એ જ પરમેશ્વર...આ પ્રકારના સંસ્કારો બાને ગળથુથીમાં જ આપવામાં આવ્યા હશે.

જે હોય તે.....

પણ બાએ તો બાપુજીનો કડક તાપ, ત્રાસ, અપમાન અને બધી રીતનાં એબ્યુઝ ડગલે ને પગલે મુંગે મોઢે જીવનભર સહ્યા જ કર્યા હતાં. ગામડાના અમારા એ નાનકડા ઘર સિવાય બાએ બહારની દુનીયા જોઈ ન્હોતી. મને નથી યાદ કે બાપુજી કોઈ દિવસ બાને સાથે લઈને કોઈ સગાં સંબંધીને ત્યાં કે કોઈ સામાજીક મેળાવડામાં કે કોઈ મનોરંજનના સ્થળે ગયા હોય.

ઉલ્ટાનું બાનું અપમાન, તિરસ્કાર અને અવગણના થયાના કેટલાય પ્રસંગો મારી આંખ આગળ તરી આવે છે.

એક વખત....

રાતના આઠ-નવ વાગ્યા હશે. આખો દિવસ કપડાં, વાસણ, કચરો પોતાં, રસોઈ અને અમારી બે ભેંસોની સરભરા કરીને, થાકીને લોથ થયેલી, બાપુજીની વાટ જોતી, બા જરા આડી થઈ પડી હતી. નીચે જમીન ઉપર જ, કોણીનું ઉશીકુ કરીને એ સુતી હતી. હજુ જમી પણ ન્હોતી. એ કદી બાપુજી પહેલાં જમતી નહી. ગમે એટલું મોડું થયું હોય તો પણ એ એમની વાટ જોઈને બેસી રહેતી. બાપુજી પ્રત્યેનો એનો આ પ્રેમ હતો કે બાપુજીની બીક હતી કે પછી એક જાતનો ક્રૂર રીવાજ હતો.... એ મને ત્યારે કશું સમજાતું ન્હોતું.

થોડી વારમાં બાપુજી આવ્યા. એમની સાથે એમના ચાર મીત્રો હતા. બધાંને જોઈને બા એકદમ સફાળી ઊભી થઈ ગઈ. બાજુમાં પડેલો ખાટલો ઢાળી એના ઉપર એણે શેતરંજી પાથરી અને માથે ઓઢીને ઘરમાં ચાલી ગઈ. બધા મીત્રો ખાટલા ઉપર બેઠા. બા અંદર બેઠી બેઠી બાપુજીના હુકમની રાહ જોવા લાગી. આ બધા માટે માત્ર ચા-પાણી જ કરવાનાં હશે કે પૂરી રસોઈ કરી બધાને જમાડવાના હશે! જો બધાને જમાડવાના હશે તો પાંચ જણાની રસોઈ કરવા માટે ફરી ચૂલો સળગાવવા જેટલી તાકાત હવે આ થાકેલા શરીરમાં પોતે ક્યાંથી લાવશે! ચિંતાથી ફફડતી એ બાપુજીના હુકમની અધ્ધર શ્વાસે રાહ જોવા લાગી.

અને થયું પણ એવું જ.

"સાંભળે છે?" બાપુજીએ બાને સંબોધી હુકમ કર્યો, "આ મહેમાનો માટે થોડી રોટલી અને દાળ ભાત બનાવી નાખ. શાક માટે આ થેલીમાં હું રીંગણાં લેતો આવ્યો છું. સાથે કંઈક થોડુ ગળ્યુ બનાવવાનું પણ ભુલતી નહી."

એક અક્ષર પણ બોલ્યા શિવાય, ચુપચાપ આવીને બા ખાટલા પાસે પડેલી રીંગણાંની થેલી અંદર લઈ ગઈ. બા હુકમ ઝીલવા જ ટેવાયેલી હતી. એને કદી સામે દલીલ કરતાં આવડતી ન્હોતી. અને બાપુજી સામે દલીલ થઈ શકતી પણ નહી. એ તરત જ ઉકળી ઉઠતા.

બાપુજી માટે બનાવી રાખેલી ખીચડી બાજુમાં મૂકી એણે વાંસની ભુંગળીથી ફુંકો મારી મારીને, લાંકડાં સંકોરી સંકોરીને, ફરી ચૂલો સળગાવ્યો. માઈક્રો વેવ ઓવન કે ઈલેક્ટ્રોનિક ગેસનો ચૂલો તો બા પાસે ન્હોતો. લાકડાનો ધુમાડીયો એ ચૂલો જ એની ઉત્તમ સગવડ હતી. એકલા હાથે એણે એટલા દાળ-ચોખા વીણ્યા, શાક સમાર્યુ, રોટલીનો લોટ બાંધ્યો, અને એ ચૂલાના ધૂમાડાથી આંખમાં આવતું

પાણી લુછતાં લુછતાં પાંચ જણાંની ગરમા ગરમ રસોઈ કરી બધાંને જમાડયા. પાછાં એ ઢગલો વાસણો એકલા હાથે માંજ્યાં અને મહેમાનોના ગયા પછી.....મોડી રાતે.... છેવટે થાકીને તુટી ગયેલા એના શરીરને એણે બાજુમાં પડેલી શેતરંજીમાં નાખ્યું. અને ઊંઘી ગઈ.

બા આ રસોઈ કરતી હતી ત્યારે હું ત્યાં જ સામે બેઠો બેઠો, ફાનસના અજવાળે મારૂં હોમ-વર્ક કરી રહ્યો હતો. પણ મને એ વખતે એમ ના સૂઝયું કે હું બાને થોડી મદદ કરૂં. છોકરો હોવાને કારણે બા મને કદાચ "બૈરાં"ના એ કામમાં મદદ કરવા પણ ના દેત. વળી, મને એવું કામ કરતો જોઈને બાપુજી તો મારી ઉપર અને બા ઉપર તૂટી જ પડત.

* * *

બીજો પણ એક પ્રસંગ યાદ આવે છે.

એક વખત, એક જુનું તપેલું માંજતાં બાની હથેળી કપાઈ ગઈ. ઘા ઘણો ઉંડો હતો. લોહી ખૂબ જતું હતું. બાજુવાળાં જમનાબેન આવ્યાં. એમણે એક જુના ઓશિકામાંથી થોડું રુ કાઢીને બાળ્યું અને ઘા ઉપર દાબી એક જૂના ચિંથરાનો પાટો બાંધી દીધો. લોહી બંધ થયું અને બા રાબેતા મુજબ પાછી કામે લાગી ગઈ.

સાંજે બાપુજી આવ્યા. એમણે બાના હાથનો પાટો જોયો. તરત એમનો પીત્તો ગયો.

"જરા સરખી રીતે .... ચીત ઠેકાણે રાખીને કામ કરતી જા. ઊભો ડોયો રાખીને કામ ના થાય સમજી?" બાપુજી બા ઉપર ઘુરક્યા અને બાના ગાલ ઉપર એક તમાચ મારી દીધી. બા બીચારી આંસુ સારતી રહી ગઈ. બાપુજી તો જાણે કંઈ જ ન બન્યુ હોય તેમ પહેરણ અને ટોપી ખીંટીએ લટકાવી, બાએ મૂકેલા પાટલા ઉપર જમવા બેસી ગયા. તમાચો ખાધેલી, બ્હીકથી ફફડતી, બા ચૂપચાપ પીરસતી રહી.

*હાથે કેમ કરતાં વાગ્યું? ઘા કેટલો ઊંડો છે? હવે દુખાવો કેમ છે? અથવા ઘા ઉપર શું ચોપડયું છે?* .... એવા કોઈ પ્રકારના મમતા કે સહાનુભુતી ભર્યા શબ્દો બાપુજીના મોઢામાંથી નીકળ્યા ન્હોતા. જમીને એ સીધ્ધા પથારી ભેગા થઈ ગયેલા.

***

અહીં અમેરીકા મારી પાસે આવ્યા પછી એ ધુમાડીયો ચુલો અને શરીર તોડી નાખે એવા એ કામના ઢસરડામાંથી બાને રાહત મળી. અહીંનું સારૂં હવામાન, સારો ખોરાક અને પુરતા આરામથી બાના શરીર ઉપર જાણે નવું તેજ આવવા માંડયું હતું. હવે બાને કોઈ પ્રકારનો ત્રાસ ન થાય એ રીતે એને આનંદમાં રાખવા હું પુરો પ્રયત્ન કરતો.

મારૂં નશીબ બહુ સારૂ છે કે સરલા પણ બાને એની "સાસુ" ન ગણતાં પોતાની "મા" ગણે છે. એ બંને વચ્ચેના ગાઢ સંબંધથી તો કેટલીક વાર હું એકલો પડી જાઉં છું. એ બંનેનું સંગઠ્ઠન જબરૂં છે. ઘરના વ્યવહારની બાબતમાં કોઈ નિર્ણય લેવાનો હોય ત્યારે મારું તો એ બંને આગળ કાંઈ જ ઉપજતું નથી. છોકરાં પણ સાલાં કંઈ સમજ્યા વગર એમના જ પક્ષમાં જતાં હોય છે. હું તદન એકલો પડી જતો હોઉં છું. ખુબ કંટાળી જતો હોઉં છું .... જવા દો એ વાત.

બધી રીતનું સુખ અને શાંતી હોવા છતાં, બા ઊંડે ઊંડે એક જાતનું ઓશિયાળાપણું - એક જાતનું પરાવલંબન અનુભવતાં હોય એવું મને લાગ્યા કરતું. એ વીષે એ કદી કશું બોલતાં નહી કે ફરિયાદ કરતાં નહી. પણ હું સમજી શકતો હતો. મારી કે મારી પત્નીની અનુકુળતા હોય ત્યારે જ એમને ઘરની બહાર નીકળવા મળતું. અમારી અનુકુળતા પ્રમાણે જ એમને અમારી સાથે આવવું પડતું અથવા ઘેર રહેવું પડતું. આડોશી પાડોશી સાથે કોઈ પણ પ્રકારની બોલચાલ વિના, જેલ જેવા એ ઘરના એકાંન્તમાં એમને આખો દીવસ પુરાઈ રહેવું પડતું. એમના મનની ઈચ્છા પ્રમાણે, પોતાની સ્વતંત્રતા પ્રમાણે, કાંઈપણ કરવાની તક જીવનમાં ક્યારેય ... કદી પણ ... એમને મળી ન્હોતી. બાને પોતાને, એમની આગવી અને સ્વતંત્ર ઈચ્છાઓ હોઈ શકે એવી કલ્પના પણ એ વખતે મને ન્હોતી.

છેલ્લાં ત્રણેક વર્ષથી એમના ડાયાબીટીસે અને હૃદયની નબળાઈએ બાને વધારે ઢીલાં કરી નાખ્યાં હતાં. ઘરમાં રસોઈ જેવું કામ પણ હવે એમનાથી થઈ શકતું ન્હોતું. અમેરીકા આવ્યાં ત્યારથી રસોડાની તમામ જવાબદરી એમણે જ સંભાળી લીધી હતી. પણ હમણાંથી તો પોતાનાં વ્હાલાં ગ્રાન્ડચીલરન માટે એમને ભાવતા નાસ્તા પણ બનાવી શકતાં ન્હોતાં એટલે એ ખુબ દુખ અને લાચારી અનુભવ્યા કરતાં.

ડોક્ટરોએ હવે રોજ સવારે થોડું થોડું ચાલવાનું કહેલું. એટલે હું નીયમીત સવારે એમને ફરવા લઈ જતો. ક્યારેક મારો હાથ પકડીને તો ક્યારેક મારા ખભાનો ટેકો લઈ બા ધીમે ધીમે ચાલતાં. રોજ ત્રણેક બ્લોક ચાલીને અમે અમારી નક્કી કરેલી જગાએથી પાછા ફરી જતા.

અમારી સ્ટ્રીટ ઉપર રહેતા એન્ડી નામના સજ્જન અમને રોજ સામે મળતા. એ જૉગીંગ કરતા.

"Good morning ડેવ.....Good morning છંપા...." કહીને એ ક્યાંય આગળ નીકળી જતા. દેવેન્દ્રમાંથી મને ડેવ અને બાને ચંપામાંથી છંપા એ કહેતા. એમની ઉમ્મર લગભગ સીત્તેરની આસપાસ હશે. પણ તંદુરસ્તી અને સ્ફુર્તિ જુવાનને પણ શરમાવે એવી હતી. એ રિટાયર્ડ સરકારી અમલદાર હતા. અમારી બાજુના શ્રીમંત લત્તામાં એક નાનું લગઝરી કોન્ડોમીનીયમ લઈ, પોતે એકલા આરામનું નિવૃત જીવન જીવતા હતા. એમનાં છોકરાંઓ ભણી ગણીને ઠેકાણે લાગી ગયાં હતાં. પૈસે ટકે એમને કશી કમી હોય એવું લાગતું ન્હોતું. પત્ની ગુજરી ગયાને દસ પંદર વર્ષ થઈ ગયાં હતાં એટલે એમનો મોટા ભાગનો સમય માનવતાનું કામ કરતી જુદી જુદી સંસ્થાઓમાં માનદ સેવા આપવામાં જતો.

બાનો અને મારો સવારે ચાલવા જવાનો આ કાર્યક્રમ એકાદ મહિનો બરાબર ઘડીયાળના કાંટે ચાલ્યો.. ત્યાં .... અચાનક મારી કંપનીના કામે મારે બે-ત્રણ અઠવાડિયાં માટે શીકાગો જવાનું થયું. બાનો ચાલવાનો ક્રમ તુટી જશે એ વીચારથી હું નીરાશ થયો અને મનમાં થોડો દુખી પણ

થયો. પરંતુ ગયા વગર મારો છુટકો ન્હોતો. એટલે હું શીકાગો જવા નીકળી ગયો.

બાનું મનોબળ આટલું પાકું હશે એની મને ખબર ન્હોતી. ચાલવા જવાનો નીયમ એમને તોડવો ન્હોતો એટલે બીજા દીવસે સવારે, સરલાને જણાવીને, એ એકલાં ચાલવા નીકળી પડેલાં. થોડું ચાલ્યાં હશે ત્યાં થાક લાગ્યો. એટલે થોડો શ્વાસ લેવા એક ઝાડના થડને અઢેલીને, ઊભાં રહ્યાં.

"Good morning Chhampa" એન્ડી સામેથી દોડતા સડસડાટ પસાર થઈ ગયા. થોડી વારે એમને જાણે કાંઈક ખ્યાલ આવ્યો અને એ તરત પાછા આવ્યા.

"Chhampa..Where is Dave? Are you alone?"

"Yes....Dave....Chicago...." એન્ડી શું પૂછે તે બા સમજી ગયાં અને એમણે અંગ્રેજીમાં ભાંગ્યો તૂટયો જવાબ પણ આપ્યો.

"OK. Come with me..." એન્ડીએ બહુ નાજુકાઈથી બાનો હાથ પકડયો. જાણે પ્રેમથી હીમ્મત આપતા હોય કે 'ગભરાઈશ નહી....હું છું તારી સાથે.' એમ બાનો હાથ પકડી આગળ વધવા હિમ્મત અને પ્રોત્સાહન આપવા લાગ્યા.

કોઈ પરપુરુષનો સ્પર્શ આજ સુધી બાને થયો ન્હોતો. એન્ડીએ આમ એકાએક હાથ પકડયો એટલે એન્ડીના આ સ્પર્શથી બા કેટલાં સંકોચાયાં હશે, કેટલાં મૂંઝાયાં હશે અને એમને કેટલું અજુગતુ લાગ્યું હશે એ હું કલ્પી શકું છું. આસપાસ કોઈ જોશે તો શું કહેશે એવી બ્હીક પણ કદાચ એમને લાગી હશે. તેમ છતાં એન્ડીના એ સ્પર્શનો એમણે વીરોધ પણ ન્હોતો કર્યો.

એન્ડીના ટેકાને સહારે એ આગળ વધેલાં.

"એન્ડી ... stop ...." અમે જ્યાંથી રોજ પાછા ફરતાં એ જગા આવી એટલે બાએ ઘર તરફ હાથનો ઈશારો કરી એન્ડીને પાછા ફરવા કહેલું.

"No...No...Chhampa.....Let's walk a little more...you can do it...come on..." ધીમે ધીમે અતી પ્રેમથી બાનો હાથ પકડી એન્ડી બાને આગળ વધવા હીમ્મત આપ્યે જતા હતા. વાત્સલ્ય ભર્યા આગ્રહથી એ બાને થોડું વધારે આગળ ચલાવી નજીકની એક હેલ્થ-ફુડની નાનકડી દુકાનમાં લઈ ગયા. કાચનું બારણું ખોલી, અંદર બાને એક ખુરશી ઉપર કાળજીથી બેસાડી પોતે કાઉન્ટર ઉપર ગયા અને ગાજરના તાજા રસથી ભરેલા બે ગ્લાસ લઈ પાછા આવ્યા.

"Here...Chhampa, this is good for you...Drink it..." એક ગ્લાસ બા સામે મુકી, પોતે ખુરશી ખેંચી એ સામે ગોઠવાયા.

તાજા ગાજરનો એ રસ બાએ આરામથી પીધો. એમને ભાવ્યો પણ ખરો. રસ પીધા પછી એન્ડીએ બાને હળવેથી ખુરશીમાંથી ઊભાં કર્યાં, સ્ટોરનું બારણું ખોલીને બા સલામત રીતે બહાર નીકળી ગયાં ત્યાં સુધી પકડી રાખ્યું.

"OK...Chhampa, I will see you tomorrow." એન્ડી બાને અમારા ઘરના બારણા સુધી હાથ પકડીને મૂકી ગયેલા. એન્ડી સાથેનો આ અનુભવ બાના જુનવાણી મગજને ખૂબ મુંઝવતો હશે. જીંદગી આથમવાની તૈયારીમાં છે ત્યાં આ રીતનો, પરપુરુષનો સંગ બરાબર નહી....આ રીતનો પરપુરુષનો સ્પર્શ પણ બરાબર નહી....આવા અસંખ્ય વિચારોએ બાનું મગજ કોરી ખાધું હશે એની મને ખાત્રી છે. છતાં બાએ એ બાબત કશી નારાજી કે અણગમો પણ બતાવ્યો ન્હોતો. જીવન ભર પોતાના શરીર અને મન ઉપર એક પુરુષ તરફથી સતત પડેલા અસંખ્ય કારમા ઘા ઉપર એન્ડીના આ કાળજીભર્યા સ્પર્શથી મમતાનો મલમ ચોપડાતો હોય એવો આલ્હાદક અનુભવ પણ કદાચ એમને થતો હશે.

ત્રણેક અઠવાડિયાંના શિકાગોના રોકાણ પછી હું ઘેર આવ્યો. ત્રણ અઠવાડીયાં બાદ મને મારી પોતાની પથારી મળી હોવાથી રાત્રે હું ઘસઘસાટ ઊંઘી ગયેલો. સવારે બાના રૂમના કલૉઝેટનું બારણું ઉઘાડ-બંધ થવાના અવાજથી હું સફાળો જાગ્યો અને બાને ફરવા લઈ જવાનું એકદમ યાદ આવ્યું. તરત પથારી છોડી હું બહાર આવ્યો. સ્વેટર અને શાલ ઓઢીને બા તૈયાર હતાં.

"બા, મને થોડો વહેલો કેમ ના ઊઠાડયો? " મેં કહ્યું.

"બેટા, તું સૂઈ રહે હું એન્ડી સાથે જાઉં છું. એ બહાર મારી રાહ જોતા હશે." બા બારણા તરફ ચાલ્યાં અને બારણું ખોલ્યું. હું એમની પાછળ જ ઊભો હતો. એન્ડીને બહાર ફુટપાથ ઉપર બાની રાહ જોતા ઊભેલા મેં જોયા. અમારી નજર એક થતાં એમણે મારા તરફ હાથ હલાવ્યો. મેં પણ બારણામાંથી સામે હાથ હલાવ્યો.

બા બહાર નીકળ્યાં એટલે ચુપચાપ બારણું બંધ કરી હું પાછો મારા બેડરુમ તરફ વળ્યો. મને બહુ નવાઈ લાગી....બા? એન્ડી સાથે! મારી સાથે નહી? શું છે આ બધું? પણ હું કાંઈ બોલ્યો નહી. ચુપચાપ બાથરુમમાં ગયો.

એ જ દિવસે સાંજે એન્ડી પાછા આવ્યા. એમણે સૂટ-બૂટ પહેરેલાં હતાં.

"Hi, Dave ... How was your trip ?"

"It was OK....Please have a seat " હું બીજું શું કહું? મેં વિવેક કરી એમને સોફા ઉપર બેસવા કહ્યું.

"Where is Chhampa? If you don't mind I am taking her to play Bingo at our church..." સોફા ઉપર બેસતાં એમણે પૂછયું.

હું શું જવાબ આપું? મને તો આ બધું શું ચાલી રહ્યું છે તે કંઈ જ સમજાતું ન્હોતું. મારે મન તો આ મોટો કોયડો હતો.

એન્ડી આવ્યાના ખબર આપવા હું બાના રૂમ પાસે ગયો. ધીમે રહી બારણું ખોલી અંદર ડોકીયું કર્યુ. પથારીમાં બેઠાં બેઠાં બા માળા કરતાં હતાં. હું કાંઈ બોલું તે પહેલાં જ બાએ હકારાત્મક ડોકું હલાવ્યું અને જાણે કહેતાં હોય કે 'મને ખબર છે એન્ડી આવ્યા છે....થોડી વારમાં હું બહાર આવું છું' એવો ઈશારો કર્યો. હું પાછો ફર્યો અને એન્ડીને જણાવ્યું કે થોડી વારમાં બા આવે છે.

પછી લાકડીના ટેકે ધીમે ધીમે બા એન્ડીને મળવા

બહાર લીવીંગ રૂમમાં આવ્યાં.

બા લીવીંગ રૂમમાં આવ્યાં કે તરત, એન્ડીએ ઊભા થઈને, બાને માન આપ્યું. બાને કદાચ પહેલી વાર કોઈ પુરુષ તરફથી આટલું માન મળ્યું હશે.

"Chhampa, ready ?"

બાએ આછું સ્મિત કર્યું અને હકારાત્મક ડોકું હલાવ્યું.

મને તો બાનું આ વર્તન સમજાતું ન્હોતું. આ બધું શું છે? આ બધાનો શો અર્થ કરવો એ મારી બુધ્ધી બહારની વાત હતી.

કોણ જાણે કેમ, પણ સરલા આ બીન્ગો રમવા જવાની વાતથી ખુબ ઉત્સાહીત...ખુબ excite....થઈ ગઈ હતી. એનો હરખ માતો ન્હોતો. એન્ડી સુટબુટ પહેરીને આવ્યા છે તો બાને પણ સજાવવાં જ જોઈએ. એટલે બાનો હાથ પકડીને એ એમને અમારા બેડરૂમમાં લઈ ગઈ. બાને પરાણે નવી સાડી અને નવું બ્લાઉઝ પહેરાવ્યું. નવી નકોર શાલ કાઢીને ખભે ઓઢાઢી. અને બા "ના...ના...ના" કરતાં રહ્યાં તોય જબરજસ્તીથી એમના કપાળે એણે સુંદર લાલ ચાંદલો કર્યો. પછી લીવીંગ રુમમાં લઇ આવી. બાનો શણગાર જોઈને એન્ડી થોડું મલક્યા અને સોફામાંથી ઊભા થયા.

મારું વોલેટ કાઢીને બીન્ગો રમવા હું બાને પૈસા આપવા લાગ્યો.

"No...No...Dave, I will take care of that." એન્ડીએ મને પૈસા ના આપવા દીધા.

મેં બારણું ખોલ્યું. એન્ડીએ સાચવીને બાને બહાર કાઢયાં. એન્ડીના ટેકે ધીમે ધીમે બા એન્ડીની ગાડી સુધી પહોંચ્યાં. ક્યાં બાની કાચબા જેવી ધીમી ગતિ અને ક્યાં એન્ડીની સ્ફુર્તિ! એન્ડીને જરૂર અકળામણ થતી હોવી જોઈએ. પણ બા પ્રત્યેની એમની ધીરજ ગજબની હતી.

હું અને સરલા બહાર ગાડી પાસે આવીને ઊભાં રહ્યાં.

એન્ડીએ ગાડીનું બારણું ખોલ્યું અને બાને અંદર બેસાડયાં. બરાબર કાળજીથી બાના બંને પગ સાચવીને અંદર ગોઠવ્યા. સાડીનો છેડો બહાર લટકતો હતો એ પણ અંદર કર્યો અને ધીમેથી બારણું બંધ કર્યુ. પછી દોડીને પોતાનું બારણું ખોલ્યું અને અંદર ગોઠવાઈ ગાડી સ્ટાર્ટ કરી.

ગાડી દેખાતી બંધ થઈ ત્યાં સુધી મેં અને સરલાએ બાને 'આવજો' કહેતા હાથ હલાવ્યા કર્યા. જેવી ગાડી દેખાતી બંધ થઈ કે તરત સરલા એનું પેટ દુખે એટલા જોરથી હસી પડી અને મારા માથામાં જોરથી ટપલો મારી બોલી ઊઠી .....

"મમ્મી **ડેટ** ઉપર ગયાં ... કંઈ ખબર પડે છે!"

માથુ પંપાળતાં પંપાળતાં હું પણ હસતો રહ્યો. હસ્યા વગર અમારાથી રહેવાયું જ નહીં. આ તો ખરી જોડી !

બીન્ગોની રમત પુરી થયા પછી એન્ડી બાને પોતાને ઘેર લઈ ગયેલા. એમણે બા માટે સ્વાદીષ્ટ શાકાહારી સેન્ડવીચ બનાવી. પીવા માટે ગરમ દુધમાં ઓવલટીન નાખી મોટો ગ્લાસ ભરી આપ્યો. દુધ અને સેન્ડવીચથી બા ધરાઈ ગયાં. દુધનો ગ્લાસ પૂરો કરી બા પોતાની આદત પ્રમાણે પ્લેટ અને ગ્લાસ સીંકમાં મૂકવા ઊભા થવા પ્રયત્ન કરતાં હતાં ત્યાં એન્ડીએ જ એમના હાથમાંથી એ લઈ લીધાં અને પોતે જ સીંકમાં મૂકી આવ્યા.

જે બાએ જીંદગી આખી બીજાઓ માટે રાંધ્યા જ કર્યું હતું અને બીજાંઓને પીરસ્યા જ કર્યુ હતું એ બાને જ્યારે એન્ડીએ....એક પુરૂષે...આમ તૈયાર ભાણું પીરસ્યું ત્યારે એમના મનમાં કેવા ભાવ જાગ્યા હશે એ હું વર્ણવી શકું એમ નથી.

જમાડયા બાદ એન્ડી બાને ઘરે મુકી ગયેલા.

બા એમના બેડરુમ તરફ જતાં હતાં ત્યારે સરલાએ ફરીથી મારા કાનમાં એજની એજ મજાક કરી....બા આજે "ડેટ" ઉપર જઈ આવ્યાં....બાને સંભળાય નહી એ રીતે મોં દાબીને પાછી હસી પડી.

પછી તો એન્ડી અવાર નવાર બાને પોતાની ગોલ્ફની રમત, બોલીંગની રમત અને પોતાની સામાજીક સેવાઓની પ્રવૃત્તિઓ જોવા સાથે લઈ જતા. બાને એ બધામાં શું સમજ પડતી હશે એ તો મને ખબર નથી. પણ એન્ડીના સહવાસથી એ ખુબ ખુશ રહેતાં એટલું હું જોઈ શક્યો હતો. એન્ડી તરફથી મળતું માન, લાગણી અને નિઃસ્વાર્થ મિત્રતાથી બાનું મન જાણે તૃપ્ત થતું હતું. પ્રફુલ્લીત રહેતું હતું.

* * *

બા કેટલાં નશીબદાર કે આજે એમની આ અંતીમ પળો વખતે અમે બધાં જ ભાંડરડાં એમની પથારીની આસપાસ હાજર હતાં! હું એમને ઓશીકે બેસીને એમના કપાળ ઉપર હાથ ફેરવી રહ્યો હતો. જાણે કે છેલ્લીવાર અમને બધાંને ધરાઈને જોઈ લેવા તરસતાં હોય એમ વચમાં વચમાં આંખો ખોલી અમારા સૌનાં મોઢાં જોઈ લેતાં. કાંઈક કહેવા માટે વારંવાર હોઠ પણ ફફડાવતાં. પરંતું અવાજ નીકળી શકતો ન્હોતો. બા કાંઈક કહેવા માગે છે પણ બોલી શકતાં નથી એ પરીસ્થીતી જોઈને અમને સૌને બહુ અકળામણ અને દુઃખ થતું હતું. બા શું કહેવા માગતાં હશે! એમના આ છેલ્લા શબ્દો કયા હશે!

છેવટે, હતી એટલી શક્તી ભેગી કરી બાએ ઓશીકા ઉપરથી માથુ ઊંચક્યું. મેં તરત મારો હાથ નીચે સરકાવી એમને ટેકો આપ્યો. એમણે આંખો ખોલી. આખા રૂમમાં એક નજર ફેરવી. પછી મોઢું ખોલ્યું અને બોલવા માટે ભગીરથ પ્રયત્ન કર્યો. એમના હોઠ ધીમે ધીમે હાલવા લાગ્યા. મેં ઈશારો કરી સૌને એકદમ શાંત રહેવા કહ્યું. બાના આ અંતીમ શબ્દો સાંભળવા અમારા સૌની ઈન્તેજારી વધી ગઈ. કાન સરવા રાખી, અમે સૌ શાંત થઈ આતુરતાથી બાના શબ્દોની રાહ જોવા લાગ્યાં.

એમણે ફરી આખા રુમમાં નજર ફેરવી.

થોડી ક્ષણો બાદ તુટક તુટક શબ્દો બાના મોંમાંથી નીકળ્યા.....

"એ..એ..એ..એન્ડી...ન...ન...નથી....આવ્યા હજુ?...."

આટલું બોલી, એન્ડીને શોધતી બાની આંખો સદાને માટે બંધ થઈ ગઈ. એમની ડોક ઢળી પડી. મૃત્યુની આ

ક્ષણ સહન ન થતાં મારી બહેનો એકદમ ચીસ પાડી ઊઠી. મારો નાનો ભાઈ પણ નાના બાળકની જેમ રડી પડયો. હું સૌથી મોટો હતો એટલે મેં મારી જાત ઉપર કાબુ રાખી રડવું અને દુ:ખ ખાળી રાખવા ખુબ પ્રયત્ન કર્યો.

તપીને લાલ થયેલું ખંજર કોઈએ મારી છાતીમાં ખોસ્યું હોય એવું વેદનાનું શૂળ મારા હૈયામાં ભોંકાયું. બાની અંતીમ ક્ષણો વીષે એન્ડીને ફોન કરવાનો રહી જાય એવી અક્ષમ્ય ભુલ મારાથી થઈ જ કેવી રીતે! ભીંતમાં માથું પછાડી મારી આ ભુલનું પ્રાયશ્ચીત કરવાનું મન થઈ આવ્યું. અંતીમ ક્ષણે એન્ડીને આખરી "આવજો" કહેવાની બાની છેલ્લી ઈચ્છા પૂરી ન કરી શકવાનો આ અક્ષમ્ય દોષ મને જીવનભર ડંખ્યા કરશે......

હું મારી બહેનોને શાંત રાખવાની કોશીષ કરતો હતો ત્યાં એન્ડી એમના સમય પ્રમાણે રૂમમાં દાખલ થયા. એમના હાથમાં રાબેતા મુજબ ગુલાબનું ફૂલ હતું. કમનશીબે આજે એ થોડા મોડા પડયા હતા. એન્ડીને જોઈને હું મારો કાબુ ગુમાવી બેઠો. હું મારો ડુમો ખાળી ન શક્યો. અણીના સમયે એમને ફોન ન કરી શકવા બદલ મારી ભુલની માફી માગતો હોઉં એમ હું એમને વળગીને, નાના બાળકની જેમ, છુટે મોઢે રડી પડયો. એન્ડીએ પણ એટલા જ પ્રેમ અને ઉષ્માથી મને છાતી સરસો ચાંપ્યો અને વાત્સલ્યથી મારી પીઠ પંપાળી આશ્વાસન આપવા લાગ્યા. શું બની ગયું છે એનો એમને ખ્યાલ આવી ગયો હતો.

થોડી વાર પછી મને છાતીથી અળગો કરી, ધીમે પગલે એ ચીર નીદ્રામાં પોઢેલાં બાના ખાટલા પાસે ગયા. હળવેથી બાના મોઢા ઉપર ચાદર ઓઢાડી દીધી. હાથમાંનું ગુલાબનું ફુલ બાના મૃત દેહ ઉપર મૂકી, માથુ નીચુ ઢાળી, અશ્રુથી છલકાતી આંખો લૂછતાં, ગળગળા અવાજે બોલ્યા .....

"Chhampa, this time you walked faster and left me behind...." ▯

(લેખકના "કંકુ ખર્યુ" પુસ્તકમાંથી)

⌘

આ વાર્તા ગુજરાતી, મરાઠી, કનડા, હિન્દી અને મલયાલમ ભાષામાં ભાષાન્તરીત થઈને પ્રતિષ્ઠિત સાયિકોમાં પ્રકાશીત થઈ ચૂકી છે. લેખકના પોતાના અંગ્રેજી વાર્તા સંગ્રહમાં પણ લેવાઈ છે.

સ્વ. હરીન્દ્ર દવેએ જન્મભુમી પ્રવાસીમાં છાપીને લેખકને લખેલું ... "આનંદરાવ, તમારી વાર્તા આંખ ભીંજવી ગઈ."

મુંબઈ સમાચારમાં વીવેચન લખતાં સ્વ.ગુલાબદાસ બ્રોકરે લેખક વીષે લખેલું ... "આ લેખકની બીજી વાર્તાઓ વાંચવા મળે તો સારું."